ડિજિટલ ગુજરાત પોર્ટલ

# પરીપત્ર

નં.નાનિઅજાક/પ્રિ.મે.શિ.વ્/૨૨-૨૩/ ૭૩૭૫/૭૩૯
રી-૬, બહુમાળી ભવન, નાનપુરા, સુરત
ફોન: ૦૨૬૧-૨૪૬૪૪૩૦
તા:૦૬/૦૩/૨૦૨૩

પતિ,
આચાર્યશ્રી,
.............................................
.............................................
.............................................

વિષય: "Pre Matric Scholarship to SC Students and Others" યોજના હેઠળ આવતા વિદ્યાર્થીઓના આધારનંબર – બેંક ખાતા લીંક કરાવવા બાબત / Adhar Enable for DBT કરાવવા બાબત

સંદર્ભ: કેંદ્ર સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલયના તા:૧૪/૦૩/૨૨ના પત્રનં: K-11027/1/2021-SCD-V

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે સંદર્ભિત પત્ર મુજબ ભારત સરકારશ્રીની "Pre Matric Scholarship to SC Students and Other" યોજના (એટલે કે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના ધો:૯ & ૧૦ તથા સ્વચ્છતાના વ્યવસાયમાં રોકાયેલ વાલીના બાળકોને શિષ્યવૃત્તિ યોજના ધો: ૧ થી ૧૦) અંતર્ગત વર્ષ:૨૦૨૨-૨૩થી શિષ્યવૃત્તિ યોજનાની ચુકવણીમાં ફેરફાર કરવામાં આવેલ છે. અગાઉ વિદ્યાર્થીઓને ૧૦૦% શિષ્યવૃત્તિ રાજ્ય સરકારશ્રી દ્વારા ચુકવવામાં આવતી હતી અને કેંદ્ર સરકારશ્રીનો હિસ્સો કેંદ્ર સરકારશ્રી પાસેથી મેળવી લેવામાં આવતો હતો.

જ્યારે સંદર્ભિત નવી ગાઇડલાઇન મુજબ ઉક્ત યોજના અંતર્ગત વર્ષ:૨૦૨૨-૨૩ થી વિદ્યાર્થીઓને ૪૦:૬૦ (રાજ્ય:કેંદ્ર)ના રેશીયોમાં ચુકવણું કરવાનું નક્કી કરવામાં આવેલ છે એટલે કે ૪૦% શિષ્યવૃત્તિ રાજ્ય સરકારશ્રી દ્વારા ચુકવવામાં આવશે અને બાકીની ૬૦% શિષ્યવૃત્તિ કેંદ્ર સરકારશ્રી દ્વારા વિદ્યાર્થીઓને સીધી ચુકવવામાં આવશે. વધુમાં તા:૦૮/૦૯/૨૦૨૨ના રોજ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, દિલ્હી ખાતે મળેલ બેઠકમાં કેંદ્ર સરકારશ્રી દ્વારા એમ પણ જણાવવામાં આવેલ છે કે વિદ્યાર્થીઓને શિષ્યવૃતિનું ચુકવણું આધારબેઝ કરવાનું રહેશે એટલે કે આધારનંબર સાથે જે બેંક ખાતુ લીંક હોય તેમા જ કરવાનું રહેશે.

ઉક્ત યોજના અંતર્ગત સીસ્ટમ મારફત જાણવા મળેલ છે કે અંદાજે ઉક્ત પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત ૪૫% વિદ્યાર્થીઓના જ આધાર નંબર – બેંક ખાતા લીંક છે અને જે વિદ્યાર્થીઓના આધારનંબર – બેંક ખાતા લીંક છે તો તેઓના આધાર નંબર DBT Enable નથી જેથી બાકી રહેતા તમામ વિદ્યાર્થીઓના આધાર નંબર – બેંક ખાતા લીંક કરવાના થાય છે અને જો આધાર નંબર DBT Enable ના હોય તો તે પણ કરાવવાના થાય છે.

જા.નં./મા-૨/ પરિપત્ર /૨૦૨૩/૩૪૨૩

જિ.શિ.અ.કચેરી
સુરત
તા.૧૫/૦૩/૨૦૨૩

પ્રતિ,
આચાર્યશ્રી
સુરત જિલ્લાની તમામ પ્રાથમિક,માધ્યમિક અને
ઉ.માધ્યમિક ગ્રાન્ટેડ/નોન ગ્રાન્ટેડ શાળાઓ

જાણ તથા અમલ થવા સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત.જિ.સુરત

Scanned with CamScanner

જે વિદ્યાર્થીઓના આધાર નંબર - બેંક ખાતા લીંક ના હોય / Adhar DBT Enable ના હોય તેની માહિતી ડિજિટલ ગુજરાત પોર્ટલ પર સંબધિત શાળાના આચાર્યશ્રીઓ પોતાના લોગીનમાં પણ જોઇ શકે છે. શાળાના આચાર્યશ્રીઓ ડિજિટલ ગુજરાત પોર્ટલ આવી યાદી "Student Register" મેનુમાં જઇ "PreMatric PFMS Reject/Accept Details" ઓપશન પર ક્લીક કરી "Director of Schedule Caste Welfare" ઓપ્શન પંસદ કરી રીસ્પોન્સ સ્ટેસ્ટમાં "Reject" પંસદ કરી ચકાસી શકાશે.

આચાર્યશ્રીઓએ આ મેનુંનો ઉપયોગ કરી જેટલા વિદ્યાર્થીઓ Reject કેટેગરીમાં હોય તેવા તમામ વિદ્યાર્થીઓને તાત્કાલિક જાણ કરવાની રહેશે કે વિદ્યાર્થીઓ પોતાના આધાર નંબર સાથે પોતાનું બેંક ખાતુ લીંક કરાવે અને જો "Adhar Enable for DBT" ના હોય તો તાત્કાલિક એનેબલ કરાવે. ત્યારબાદ જ્યારે વિદ્યાર્થીનો આધાર નંબર - બેંક ખાતુ લીંક થઇ જાય / "Adhar Enable For DBT" થઇ જાય ત્યારે આચાર્યશ્રીઓએ ફરી ઉક્ત મેનુમા જઇ ને સંબધિત વિદ્યાર્થીના નામ સામે "Aadhaar Linked" બટન પર ક્લીક કરવાનું રહેશે જેથી આવા વિદ્યાર્થીઓને ફરી અધારનંબર - બેંક ખાતુ ખરેખર લીંક થયેલ છે કે કેમ / "Adhar Enable for DBT" થયેલ છે કે કેમ તે ચકાસવા માટે ફરી સીસ્ટમને મોકલી શકાય.

શાળાના આચાર્યશ્રીઓ "Aadhaar Likned" બટન પર કલીક કરશે ત્યારબાદ ૩ થી ૪ દિવસ બાદ સીસ્ટમ મારફત જાણી શકાય છે કે ખરેખર વિદ્યાર્થીનો આધાર નંબર - બેંક લીંક થયેલ છે કે કેમ / "Adhar Enable For DBT" થયેલ છે કે કેમ. જો વિદ્યાર્થીનો આધાર નંબર - બેંક ખરેખર લીંક થઇ ગયેલ હશે / "Adhar Enable for DBT" થઇ ગયેલ હશે તો વિદ્યાર્થીનું નામ "Reject" કેટેગરી માંથી નિકળી જશે જો વિદ્યાર્થીનો આધાર નંબર - બેંક ખાતુ ખરેખર લીંક થયેલ નહિ હોય તો વિદ્યાર્થી ફરી "Reject" કેટેગરીમાં જ દેખાશે આવા વિદ્યાર્થીઓએ ફરી બેંકનો સંપર્ક કરી આધારનંબર - બેંક ખાતુ લીંક કરાવવાની કાર્યવાહી કરવાની થશે અને ફરી આચાર્યશ્રીએ "Student Register" મેનુમાં જઇ "PreMatric PFMS Reject/Accept Details" પર ક્લીક કરી "Director of Schedule Caste Welfare" ઓપ્શન પંસદ કરી રીસ્પોન્સ સ્ટેસ્ટમાં "Reject" પંસદ કરી સંબધિત વિદ્યાર્થી સામેનું "Aadhaar Linked" બટન ક્લીક કરવાનું રહેશે આ પ્રકિયા ત્યા સુધી કરવાની થશે જ્યા સુધી વિદ્યાર્થીઓના આધાર નંબર - બેંક ખાતા લીંક ના થઇ જાય / "Adhar Enable For DBT" ના થઇ જાય.

ત્યારબાદ જે વિદ્યાર્થીઓના આધાર નંબર - બેંક ખાતા લીંક થઇ જાય / "Adhar Enabel For DBT" થઇ જાય તેવા વિદ્યાર્થીઓની રાબેતા મુજબ પ્રપોઝલ બનાવી જિલ્લા કચેરીઓને મોકલી આપવાની રહેશે. જે વિદ્યાર્થીઓના "PFMS Status" "Verified" થયેલ હશે તેવા જ વિદ્યાર્થીઓની પ્રપોઝલ બની શકશે તેની આચાર્યશ્રીઓએ નોંધ લેવાની રહેશે. (જે વિદ્યાર્થીઓનું PFMS Status "Verified With Reason" હશે તેવા વિદ્યાર્થીઓની પણ પ્રપોઝલ બની શકશે નહિ તેવા વિદ્યાર્થીઓના "Adhar Enable For DBT" કરાવ્યા બાદ જ્યારે PFMS Status "Verified" થશે ત્યારે પ્રપોઝલ બની શકશે)

Scanned with CamScanner

આમ નવા ગાઇડલાઇન મુજબ પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિનું ચુકવણું કરી શકાય માટે ઉક્ત તમામ વિગતો ધ્યાને લઇ કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરવા જણાવવામાં આવે છે.

નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
સુરત

નકલ સવિનય રવાના:

- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુ.રા. ગાંધીનગર તરફ જાણ સારૂ

નકલ રવાના :—

1) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત. તમામ શાળાઓને જરૂરી કાર્યવાહી અમલ કરવા સારૂ.
2) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, સુરત " " " " ".
3) જિલ્લા શાસનાધિકારીશ્રી, સુરત " "